**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

વેબસાઇટ : www.rbi.org.in

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 17 નવેમ્બર 2016

## IT લેણાં અગાઉ થી RBI માં અથવા અધિકૃત બેંક શાખાઓમાં ચૂકવો- ડીસેમ્બર 2016

એવું જોવા મળે છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા મારફત આવક વેરા ના લેણાં ની ચુકવણી માટે નો ધસારો દર વર્ષે ડીસેમ્બર મહિના ના અંત માં ઘણોજ ભારે હોય છે અને રિઝર્વ બેંક માટે પણ આ હેતુ માટે શક્ય એટલા વધુમાં વધુ વધારા ના કાઉન્ટરો પુરા પાડવા છતાં પણ રસીદો જારી કરવાના દબાણ નો સામનો કરવો મુશ્કેલ બની જાય છે. પરિણામે જાહેર જનતા ને રિઝર્વ બેંક પર ની લાંબી લાઈનો માં બિન જરૂરી લાંબા સમય માટે રાહ જોવી પડે છે. આવી અવગડ ને દુર કરવા માટે, કરદાતાઓને તેમના આવક-વેરાના લેણાં ની ચુકવણી દેય તારીખ (Due date) થી પૂરતા પ્રમાણ માં અગાઉ થી કરીને છેલ્લી મિનીટ ના ધસારા ને ટાળવાની સલાહ આપવામાં આવે છે.

વધુમાં, નીચે દર્શાવેલ અધિકૃત એજન્સી બેંકો ની મુંબઈ માં આવેલી પસંદગી ની શાખાઓ ને આવક વેરા ના લેણાં ની ચુકવણી સ્વીકારવા માટે અધિકૃત કરવામાં આવી છે. આમાંની મોટા ભાગની બેંકો કર ની ઓન-લાઈન ચુકવણી ની સવલતો પૂરી પડે છે. કરદાતાઓ તેમની સગવડ માટે આ વ્યવસ્થાનો લાભ લઈ શકે છે.

1. અલ્લાહાબાદ બેંક
2. આંધ્ર બેંક
3. બેંક ઓફ બરોડા
4. બેંક ઓફ ઇન્ડિયા
5. બેંક ઓફ મહારાષ્ટ્ર
6. કેનેરા બેંક
7. સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
8. કોર્પોરેશન બેંક
9. દેના બેંક
10. આઈડીબીઆઈ બેંક
11. ઇન્ડિયન બેંક
12. ઇન્ડિયન ઓવરસીસ બેંક
13. ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ
14. પંજાબ એન્ડ સિંધ બેંક
15. પંજાબ નેશનલ બેંક
16. સીન્ડીકેટ બેંક
17. યુકો બેંક
18. યુનિયન બેંક ઓફ ઇન્ડિયા
19. યુનાઈટેડ બેંક ઓફ ઇન્ડિયા
20. વિજયા બેંક
21. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા
22. સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર
23. સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ
24. સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર
25. સ્ટેટ બેંક ઓફ મૈસુર
26. સ્ટેટ બેંક ઓફ પટિયાલા
27. એચ. ડી. એફ. સી. બેંક લી.
28. એક્સિસ બેંક લી.
29. આઈ. સી. આઈ. સી. આઈ. બેંક લી.

અનિરુધ્ધ જાદવ
સહાયક પ્રબંધક

પ્રેસ પ્રકાશન: 2016-2017/1236